# ચોમાસુ નિયત સમય ૧૫ જૂનથી શરુ થશે

## અંબાલાલ પટેલની આગાહી ૧૦-૧૧મેના રોજ ચક્રવાત રૌદ્ર સ્વરૂપ ધારણ કરશે

અમદાવાદ, તા.૭

ગુજરાતમાં હાલ કમોસમી વરસાદની મોસમ ચાલી રહી છે. જેને કારણે લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી છે. પરંતુ જો તમે ચોમાસાની કાગડોળે રાહ જોતા હોય તો એક સારા સમાચાર સામે આવ્યા છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ચોમાસાના શુભ સંકેત આપ્યા છે. તો અંબાલાલ પટેલે કહ્યું આ વર્ષે ચોમાસુ તેના નિયત સમયે એટલે કે ૧૫ જૂનથી શરુ થશે. આગાહીકાર અંબાલાલ પટેલ ગરમી અને કમોસમી વરસાદ વચ્ચે હવે ચોમાસાની આગાહી કરી છે. તેમણે કહ્યું કે, હાલ વાતાવરણમાં પશુ, પક્ષી અને જીવજંતુઓની હલચલ ચોમાસા માટે સારા સંકેત છે. આગામી સમયમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધશે.

ગુજરાતમાં પ્રિમોન્સુન એક્ટિવિટીનો પ્રારંભ આજથી શરૂ થયો છે. જો કે આગામી સમયમાં રાજ્યમાં ગરમીનો પ્રકોપ વર્તાશે. બંગાળની ખાડીમાં આવેલા ચક્રવાતને કારણે ૮ મે થી ગુજરાતમાં ગરમીનો વરતારો અનુભવાશે. આગામી ૧૦-૧૧ મે થી ચક્રવાત રોદ્ર સ્વરૂપ ધારણ કરશે. જેમાં આણંદ અને વડોદરામાં ગરમી વધશે. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં તાપમાન ૪૪ ડિગ્રીએ પહોંચશે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે કહ્યું કે, આ વર્ષે ચોમાસુ નિયમ સમયે એટલે કે ૧૫ જૂનથી શરૂ થઈ જશે. હવામાનમાં ધીમે-ધીમે ભેજનું પ્રમાણ વધશે અને વાદળો સ્થિર થયા બાદ ચોમાસાની શરુઆત થશે, હાલ ચોમાસાના ચિહ્નો સારા જણાઈ રહ્યા છે. જોકે, ચોમાસાની શરુઆત પહેલા આંધી-વંટોળ આવવાની પણ સંભાવનાઓ તેમણે વ્યક્ત કરી છે. ચોમાસા પહેલાના જે ચિહ્નો દેખાય છે તે સાનુકૂળ જણાઈ રહ્યા હોવાનું પણ તેઓ કહી રહ્યા છે.આમ, જો ચોમાસું નિયત સમયે શરૂ થશે તો ખેડૂતોને પણ રાહત મળશે.

તો બીજી તરફ, હવે કમોસમી વરસાદ બાદ વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધવાનું છે. અંબાલાલ પટેલે કહ્યું કે, આગામી દિવસોમાં ગુજરાતમાં સખત ગરમી પડી શકે છે, મધ્ય ગુજરાતના ભાગોમાં સખત ગરમી પડશે, કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પણ જઈ શકે છે. તો હવામાન વિભાગે પણ જણાવ્યું કે, સોમવારથી વાતાવરણમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ વધશે. ૯ મે થી અમદાવાદમાં યેલો અલર્ટની આગાહી કરાઈ છે. ત્યાર બાદ તાપમાનમાં ૩-૪ ડિગ્રી તાપમાન વધશે. આગામી સમયમાં મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનમાં વધારો થશે.

### રાજકોટમાં એક દિવસમાં હાર્ટએટેકની બે ઘટના

# હાર્ટ એટેકથી ૩૨ વર્ષની મહિલા અને ૪૦ વર્ષના યુવકનું કરૂણ મોત

**ડોક્ટર આ પ્રકારની વારંવાર બની રહેલી ઘટના માટે તણાવ પણ જવાબદાર હોવાની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે**

રાજકોટ, તા.૭

રાજકોટમાં એક જ દિવસમાં હાર્ટ એટેકથી મોતની બે ઘટનાઓ બની છે. જેમાં એક ઘટનામાં કપડા ધોવાનું કામ કરી રહેલી મહિલા અને જમવા બેઠેલા યુવકનું હાર્ટ એટેક આવતા મોત થઈ ગયું છે. શહેરની રામપીર ચોકડી અને મવડી ચોકડી વિસ્તારમાં બે ઘટનાઓ બની છે જેમાં યુવાન વયે આ પ્રકારની ઘટના સૌ કોઈને આશ્ચર્યમાં મૂકી રહી છે. બીજી તરફ ડૉક્ટર દ્વારા આ પ્રકારની વારંવાર બની રહેલી ઘટના માટે તણાવ પણ જવાબદાર હોવાની સંભાવના વ્યક્ત કરી રહ્યા છે.

શહેરના મવડી ચોકડી વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષના મહિલાનું કપડા ધોતા-ધોતા મોત થઈ ગયું છે. અચાનક મહિલા કપડા ધોતી વખતે ઢળી પડતા તેમની તપાસ કરાવતા માલુમ પડ્યું કે હાર્ટ એટેકથી તેમનું મોત થઈ ગયું છે. જ્યારે રામપીર ચોકડી પાસે જમતા-જમતા ૪૦ વર્ષના યુવકનું મોત થયાની ઘટના બની છે.

આ પ્રકારની ઘટનાઓ સામે આવતા હૃદયના ડૉક્ટર દ્વારા સલાહ આપવામાં આવતી હોય છે કે અચાનક એક દિવસમાં વધુ પડતો શારીરિક શ્રમ કરવાથી હૃદય પર તેની અસર પડતી હોય છે, કારણ કે એક જ સમયમાં વધુ કામ થવાથી હૃદયની કાર્યક્ષમતા પર તેની સીધી અસર થતી હોય છે. આજ કારણે શારીરિક શ્રમ રોજની સરખામણીમાં વધુ થયો હોય ત્યારે ખાસ કાળજી રાખવાની જરુર છે.



હેન્ડીકેપ પીપલ દ્વારા સ્કુટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ડમીકાંડમાં કોન્સ્ટેબલ સહિત બેની ધરપકડ

રાજકોટ, તા.૭

ભાવનગર પોલીસે શનિવારે ડમીકાંડને લઈ મોટી કાર્યવાહી હાથ ધરી છે. આ રેકેટમાં સંડોવાયેલા વધુ ૨ આરોપીઓની ધરપકડ કરી દેતા ચકચાર મચી ગઈ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે ૨૦૨૨માં ડમી ઉમેદવાર તરીકે દિનેશ પંડ્યા પોતાના ભાઈ બટુકના સ્થાને હાજરી આપી હતી. દિનેશ પોલીસ કોન્સ્ટેબલ છે અને ભાવનગર જિલ્લાના બગદાણા પોલીસ સ્ટેશનમાં ડેપ્યુટેડ હતો. પરંતુ કૌભાંડનો પર્દાફાશ થયો ત્યારથી તે ગાયબ થઈ ગયો હતો. બટુકે પરીક્ષા પાસ કરી છે પરંતુ તેની નિમણૂક બાકી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ડમી ઉમેદવારોના રેકેટના કુલ આરોપીઓની સંખ્યા હવે ૫૬ પર પહોંચી ગઈ છે. તેમાંથી ૩૫ની ધરપકડ કરવામાં આવી છે અને ૩૩ને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. પકડાયેલા ૩૫ આરોપીઓમાંથી ૧૬ આરોપીઓ સરકારી નોકરી કરતા હતા. પ્રારંભિક એફઆઈઆરમાં નામ આપવામાં આવેલા ૨૧ આરોપીઓની પોલીસે હજુ ધરપકડ કરી નથી.

ભાવનગર પોલીસને યુવરાજસિંહના સાળા કાનભા પાસે કુલ ૩૮ લાખ રૂપિયા મળી આવ્યા હતા. કાનભાએ ખંડણીના ૩૮ લાખ રૂપિયા મિત્ર જીત માંડવીયાના ઘરે મૂક્યા હતા. પોલીસે કાનભાની પૂછપરછ કરી હતી ત્યારે સમગ્ર ખંડણીકાંડ અંગે અનેક ખુલાસા કર્યા હતા. કાનભાએ પોલીસની પૂછપરછમાં જણાવ્યું હતું કે, સમગ્ર ખંડણીકાંડમાં ૧ કરોડ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. આ એક કરોડ રૂપિયા બિપિન ત્રિવેદી અને ઘન્શ્યામ લાઘવા મારફતે માંગવામાં આવ્યા હતા. આ અંગે સમગ્ર ડીલ શિવુભાની ઓફિસે ૧૨ એપ્રિલે કરવામાં આવી હતી.

સુત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આરોપીઓની પુછપરછમાં પોલીસને કેટલીક કડીઓ મળી છે. જેમાં યુવરાજસિંહે તળાજાના પિપરલા ગામના ઋષિ નામના યુવકનો બળ જબરી પૂર્વક વીડિયો ઉતાર્યો હોવાનો આરોપ લાગી રહ્યો છે. આ વીડિયોના આધારે જ પી.કે સહિતનાને દબાવવામાં આવ્યા હોવાની પણ વાતો સામે આવી રહી છે.ત્યારે હજુ એક મુખ્ય સૂત્રધારને પકડવાનો બાકી છે. તે પકડાયા બાદ તેની પાસેથી તોડ કર્યો કે કેમ તે પણ પોલીસ પૂછપરછ કરશે. આ મામલે તમામ આરોપીઓની પૂછપરછ પછી પણ ઘણાં મહત્વના ખુલાસા થઈ શકે છે.

## ધોરાજીમાં ૪ ઈંચ જેટલો વરસાદ

ઉપલેટા, તા.૭

ભર ઉનાળે રાજકોટ જિલ્લાના ધોરાજી પંથકમાં આભ ફાટ્યા જેવી સ્થિતિ બની હતી. ધોરાજી તાલુકામાં સાર્વત્રિક ૪ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. માત્ર ૧ કલાકમાં ૪ ઈંચ વરસાદ ખાબકતા પૂર જેવી સ્થિતિ સર્જાઇ હતી. ધોરાજી તાલુકાના ભાડેર, કલાણા, છત્રાસા, પાટણવાવ સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને કારણે ખેડૂતોને મોટાપાયે નુકસાન થયુ છે. પાટણવાવના ઓસમ ડુંગર પરથી ધોધ વહેતો થયો હતો. ધોરાજીના ભાડેર ગામે એક કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. રાજકોટના ધોરાજીમાં છેલ્લા અઠવાડિયાથી વરસાદી માહોલ જામ્યો છે.

# પીએમ મોદીની મુલાકાત બાદ મોટા પરિવર્તનની ચર્ચા

## ગાંધીનગરમાં નવાજૂનીના સંકેત : પ્રધાનમંત્રી મોદીની ગુજરાત મુલાકાત બાદ મંત્રીમંડળમાં વિસ્તરણ થવાની પણ ચર્ચા થાય તેવું કેટલાકનું માનવું છે

ગાંધીનગર, તા.૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ મેના ગુજરાતના પ્રવાસે છે. ૧૨ મેના રોજ બે કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સવારે અખિલ ભારતીય શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશનની તેઓ શરુઆત કરાવશે. બાદમાં મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમમાં હજારી આપશે. જેમાં શહેરી વિકાસ વિભાગ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મકાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાનાર છે. તેમજ અમદાવાદના તથા અન્ય વિકાસ કામોના લોકાર્પણ ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે. ત્યારે પ્રધાનમંત્રીની આ ગુજરાત મુલાકાત ખાસ ગણવામાં આવી રહી છે. કારણ કે, તેઓ પાર્ટીના કેટલાક નેતાઓ સાથે મહત્વની બેઠક કરવાના છે. ત્યારે પીએમની મુલાકાત બાદ ભાજપમાં નવાજૂની થઈ શકે તેવી શક્યતા દેખાઈ રહી છે.

હાલ ગુજરાત ભાજપમાં સંગઠનને લઈને કેટલાક બદલાવો થવાના છે તેવી ચર્ચા છે. ત્યારે આ મામલે હાલ પક્ષમાં સળવળાટ થી રહ્યો છે. ત્યારે ગુજરાતની મુલાકાતમાં પ્રધાનમંત્રી કેટલાક નેતાઓ સાથે બેઠકો કરે તેવી શક્યતા વ્યકત કરાઈ છે. પીએમ મોદીની મુલાકાત બાદ બોર્ડ નિગમમાં નિયુક્તિ થાય તેવી ગણતરી મંડાઈ રહી છે. કારણે ગુજરાત સરકારમાં બોર્ડ નિગમમાં નિમણૂંક લાંબા સમયથી અટકેલી છે. ત્યારે આ જાહેરાત થાય તેવી શક્યતા છે.

જોકે, બીજી તરફ મંત્રીમંડળમાં વિસ્તરણ થવાની પણ ચર્ચા થાય તેવુ પણ કેટલાકનું માનવું છે. હાલ મંત્રીમંડળનં કદ ૧૭ સભ્યોનું છે. તેનું કદ પણ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે.

અગાઉ જ્યારે માર્ચ મહિનામાં પીએમ મોદી ગુજરાતના મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેઓએ પોતાનું રોકાણ ચાર કલાક લંબાવ્યુ હતું. આ દરમિયાતેઓ ભાજપના નેતાઓ તથા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે ગુપ્ત મીટિંગ કરી હતી. જેમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે પણ બેઠકોનો દોર ચાલ્યો હતો. આ બાદ સંગઠનમાં નાના મોટા બદલાવ આવ્યા હતા. તેમજ સરકારની કાર્યશૈલીમાં પણ બદલાવ આવ્યો હતો.

ત્યારે ફરી એકવાર પ્રધાનમંત્રીની મુલાકાતને લઈને મોટા બદલાવ આવે તેવુ દેખાઈ રહ્યું છે. તો સાથે જ ભાજપ સંગઠનમાં સીઆર પાટીલની ત્રણ વર્ષની ટર્મ જુલાઈ મહિનામાં પૂરી થઈ રહી છે. ત્યારે તેમની ટર્મમાં વધારા માટે પણ ચર્ચા થવાની શક્યતા છે.

# વર્ષ ૨૦૨૨-૨૩માં ૧ કરોડ ૩૫ લાખથી વધુ બાળકોના આરોગ્યની ચકાસણી કરાઈ

**'શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના કારણે આજે બાળકની હૃદયની ગંભીર સર્જરી વિનામુલ્યે શક્ય બની છે'- શાહજહાન પઠાન (લાભાર્થી બાળકની માતા)**

ગાંધીનગર, તા.૭

ગુજરાત સરકારે રાજ્યના બાળકોના આરોગ્યની હંમેશાં ચિંતા કરી છે, કારણકે આ બાળકો જ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે. બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને વર્ષ ૧૯૯૮માં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૪માં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. પરિણામે વર્ષ ૨૦૧૪થી ગુજરાતના શાળા આરોગ્ય કાર્યક્રમને 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' (જીૐ—ઈમ્જીદ્ભ) તરીકે ઓળખવામાં આવે છે.

આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ દ્વારા દર વર્ષે રાજ્યના કરોડો બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવે છે. છેલ્લા એક જ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૨-૨૩માં આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના ૧ કરોડ ૩૫ લાખ ૧૯ હજાર ૩૮૧ બાળકોની સ્વાસ્થ્ય સંબંધિત આરોગ્ય તપાસ કરવામાં આવી છે.

આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૧૪થી અત્યારસુધીમાં એટલે કે છેલ્લા ૯ વર્ષોમાં સમગ્ર રાજ્યના ૧૨.૭૫ કરોડથી વધુ બાળકોની સ્વાસ્થ્ય સંબંધિત આરોગ્ય તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૧,૩૯,૩૬૮ બાળકોને હૃદય સંબંધિત સર્જરી અને સારવાર, ૧૭,૫૫૬ બાળકોને કિડની સંબંધિત સારવાર, ૧૦,૮૬૦ બાળકોને કેન્સરની સારવાર, ૧૭૭ બાળકોને કિડની ટ્રાન્સપ્લાન્ટ, ૨૬ બાળકોને લીવર ટ્રાન્સપ્લાન્ટ, ૧૯૮ બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, ૨૭૩૮ બાળકોને કોકલીયર ઈમપ્લાન્ટ સર્જરી, ૬૯૮૭ બાળકોને ક્લબ ફૂટ, ૬૦૬૪ બાળકોને ક્લેફ્ટ લિપ પેલેટની સારવાર પૂરી પાડવામાં આવી છે.

વર્ષ ૨૦૨૨-૨૩ની વાત જો કરવામાં આવે તો ૧૭,૫૪૪ બાળકોને હૃદય સંબંધિત સારવાર, ૭૨૪ બાળકોને કિડની સંબંધિત, ૩૩૭ બાળકોને કેન્સરની સારવાર, ૧૩ બાળકોને કિડની ટ્રાન્સપ્લાન્ટ, ૧ બાળકને લીવર ટ્રાન્સપ્લાન્ટ, ૧૦ બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ, ૨૯૭ બાળકોને કોક્લિયર ઈમ્પ્લાન્ટ સર્જરી, ૯૫૨ બાળકોને ક્લબ ફૂટ, ૩૧૫ બાળકોને ક્લેફ્ટ લિપ—પેલેટની સારવાર પૂરી પાડવામાં આવી છે.



શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત હૃદયની સર્જરીની સારવાર લેનાર શાહનવાઝ નાસિરખાન પઠાનના માતા શાહજહાન પઠાન જણાવે છે કે, મારા પાંચ વર્ષના દીકરાને ન્યુમોનિયા થયા બાદ સિવિલ હોસ્પિટલમાં આરોગ્યની તપાસ કરાવતા તેના હૃદયમાં કાણું હોવાની જાણ થઈ હતી. તમામ રિપોર્ટ કરાવ્યા બાદ તરત દીકરાને યુ.એન મહેતા હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યો હતો, જ્યાં નિષ્ણાંત તબીબો દ્વારા વિનામૂલ્યે સર્જરી કરવામાં આવી હતી. આજે દીકરાની તબિયત સ્વસ્થ છે અને સર્જરી બાદ પણ કોઈ તકલીફનો સામનો કરવો પડ્યો નથી. આ માટે અમે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર માનીએ છીએ.

આજના સમયમાં જ્યારે પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર મોંઘી થઈ રહી છે ત્યારે સરકારની આ સહાયથી પરિવાર પર આર્થિક બોજો નથી પડી રહ્યો.

### ૭૦ ટકા હાજરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહેલીવાર પંચાયત સેવા પસંદગી મંડળે ઉમેદવારો પાસેથી પોતે પરીક્ષા આપવા ઈચ્છુક છે તેવુ સંમત્તિપત્રક પણ મેળવ્યુ હતુ.

જિલ્લામાં જુનિ. ક્લાર્કની પરીક્ષા કરતાં ઓછા કેન્દ્રો હોવાથી તંત્રને થોડીક રાહત એ પણ હતી રૂટ પણ ઘટ્યા હતા. ક્લાર્કની પરીક્ષા કરતાં પરીક્ષાર્થીઓની સંખ્યા પણ ઓછી હતી. આજે યોજાયેલ પરીક્ષાને લઈ તંત્રએ તૈયારીઓમાં કોઈ કચાશ ન રહે તેની કાળજી લીધી હતી. આ ઉપરાંત પંચાયત સેવા પસંદગી મંડળની એસઓપીનું ચુસ્તતા સાથે પાલન કર્યુ હતુ. પરીક્ષાની કામગીરીને લઈ કર્મચારીઓને પણ ખાસ તાલિમ આપવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં આજે યોજાયેલ આ પરીક્ષામાં ૧૦,૮૯૧ જેટલા પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જોકે લગ્નસરા અને પૂરતી તૈયારીના અભાવે આ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યાની ચર્ચાઓ છે.

### તડકો આકરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા બે દિવસથી આકરો તડકો પડતા તાપમાન ઉંચકાઈ રહ્યુ છે.

મહત્તમ તામાન આજે ૪૦.૦ ડિ.સે. નોંધાતા જનજીવન પર તેની અસર જોવા મળી હતી. બપોરના સમયે આકરી ગરમીના કારણે અને રવિવારની રજા હોવાના કારણે માર્ગો સુમસામ થઈ ગયા હતા. શહેરના અંતરિયાળ વિસ્તારોમાં તો વસાહતીઓ ઘરના બારી-બારણા બંધ કરીને ઘરમાં પુરાઈ જતા એકદમ સુનુ લાગતુ હતુ. સાંજ ઢળ્યા બાદ બજારોમાં ભીડ જોવા મળી હતી. ગરમીથી રાહત મેળવવા ઈચ્છતા વસાહતીઓએ બગીચામાં ભીડ જમાવી હતી. આઈસક્રીમ, ઠંડાપીણાની લારીઓ પર મોડી રાત સુધી ભીડ જોવા મળી હતી. લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાતા રાત્રે પણ બફારો અનુભવાતો હતો. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભીષણ ગરમી પડશે. મહત્તમ તાપમાન ૪૨ ડિ.સે. થી વધુ થવાની સંભાવના છે.

### પુરાણ કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજગોમાં તંત્રએ અત્યારથી જ વરસાદી દિવસોને ધ્યાનમાં રાખીને આગોતરુ આયોજન કરવાની અનિવાર્યતા છે. જો કે નવા સેકટરોમાં હજુ ચોમાસા બાદ ગટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવે તેવી સંભાવના છે. આગામી વરસાદી દિવસોમાં પણ ગટર લાઈનના કામની ગતિ મંદ પડી જશે. જયારે વરસાદી દિવસો નજીકમાં હોવાથી ચોમાસા બાદ જ નવા સેકટરોમાં કામ શરૂ કરી શકાશે તેમ પણ મનાઈ રહ્યુ છે. હાલની સ્થિતિએ પણ વરસાદી ઝાપટા બાદ તંત્ર દ્વારા સેકટરોમાં યોગ્ય પુરાણ કરવા માટે ટીમો કામે લગાડવામાં આવી છે.

જયારે સેકટરોમાં પાણી અને ગટરની લાઈનને અનુલક્ષી ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત કોર્પોરેશન દ્વારા પણ સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ છે. વરસાદી પાણીના નિકાલની લાઈનના ટુકડા જોડાવા માટે માર્ગો ખુંદી નાંખવામાં આવ્યા છે. ઉબડ ખાબડ માર્ગો પર વરસાદી દિવસોમાં મોટા ગાબડા પડે તેવુ જોખમ પણ મંડરાયુ છે. આવા સંજગોમાં વરસાદી જમાવટ પુર્વે નગરમાં પ્રિ મોન્સુન કામગીરીના ભાગરૂપે આવા ઠેકાણે પોલાણની સમસ્યા ડામવા તેમજ ભયજનક ગાબડા અસ્તિત્વમાં ન આવે તે માટે સર્વે હાથ ધરી યોગ્ય કામગીરી કરવાની અનિવાર્યતા છે.

### ફાઈનલ મેચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવશે. જયારે આ ઉપરાંત મેન ઓફ ધ સીરીઝ અને બેસ્ટ બેસ્ટમેન અને બેસ્ટ બોલરને પણ ઈનામો એનાયત કરાશે. કલ્ચરલ ફોરમ આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટમાં રોજબરોજ ખેલાડીઓએ મેચ રમવાની મજા માંણ્યા બાદ આજે ફાઈનલ મેચ યોજવામાં આવશે. હરિયાળા મેદાનમાં પર્યાપ્ત અજવાળા વચ્ચે ક્રિકેટ પ્રેમીઓ પણ રસપ્રદ મેચ નિહાળી રોમાંચ અનુભવી રહ્યા છે. જયારે ટુર્નામેન્ટની ફાઈનલમાં ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા માટે ધારાસભ્ય રીટાબેન પટેલ, મેયર હીતેશ મકવાણા, મહાનગર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટ તેમજ એકાર્થ ગૃપના સર્વશ્રી દેવાંગ પટેલ, અનંતભાઈ પટેલ, કિર્તીભાઈ પટેલ, ડો રત્નેશ પટેલ પણ વિશેષ હાજર રહેશે.

### સંપન્ન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યમાં તલાટીની પરીક્ષામાં જૂની ભૂલોનું પૂનરાવર્તન ના થાય તે માટે ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હોવાનું છજી હસમુખ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ સિવાય તેમણે ઈન્ટેલિજન્સની જાળ બિછાવવામાં આવી હોવાનું જણાવવાની સાથે ગેરરીતિની કોઈ વિગતો મળે તો તેની જાણ કરવા માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યા હતા. રાજ્યમાં તલાટની પરીક્ષામાં ઉમેદવારોને કોઈ અડચણ ના પડે તે માટે વિવિધ જિલ્લાઓના તંત્રો દ્વારા વ્યવસ્થાઓ કરવામાં આવી હોવાની સાથે પોલીસ અને સેવાભાવી લોકો દ્વારા પણ ખાસ રહેવા તથા જમવાની સગવડો ઉભી કરવામાં આવી હતી.

### પતન થઈ શકે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેન્કો ફેઈલ ગઈ હતી. પરંતુ આ વખતે બેન્કો હાઈ ગ્રોથ માટે આંધળી બની છે અને નિયમો નેવે મુકી રહી છે, જેના કારણે પતન નિશ્ચિત જણાય છે.

અમેરિકામાં બે મહિના અગાઉ સિલિકોન વેલી બેન્ક (જીફમ)નું પતન થયું ત્યારથી મુશ્કેલીની શરૂઆત થઈ છે. તેના કારણે અમેરિકન ઈકોનોમી માટે મોટું જોખમ પેદા થયું છે જે બીજા દેશોની નાણાકીય સિસ્ટમ સુધી ફેલાય તેવી શક્યતા છે. અમેરિકામાં બેક્નિંગ કટોકટી ખતમ થવાના બદલે આગળ વધી રહી હોય તેમ લાગે છે. થોડા દિવસો અગાઉ ફર્સ્ટ રિપબ્લિક બેન્કનું પતન થયું અને તેને જેપી મોર્ગન દ્વારા ખરીદવામાં આવી હતી.

પ્રોફેસર દામોદરને પોતાના લેટેસ્ટ બ્લોગમાં જણાવ્યું છે કે યુએસ બેક્નિંગ સિસ્ટમમાં વધુ ડોમિનોનું પતન થશે. બેન્કોનો નફો નહીં પણ તેનું કોન્સિન્ટ્રેશન વધશે. માર્ક-ટુ-માર્કેટ નુકસાન માટેના નિયમો ચુસ્ત બનાવવામાં આવશે અને રેગ્યુલેટર્સ દ્વારા આકરું વલણ અપનાવાશે. છેલ્લા પાંચ વર્ષમાં જે બેન્કોમાં ડિપોઝિટ ગ્રોથ વધારે ઉંચો રહ્યો છે તે બેન્કો માટે વધારે રિસ્ક છે. દામોદરને એવી આગાહી પણ કરી છે કે જે બેન્કો તેની સાઈઝના કારણે એવું માને છે કે તેમને કંઈ નહીં થાય, તેઓ પણ ખતમ થઈ શકે છે. તેમણે હાલની બેક્નિંગ કટોકટીને અગાઉની કટોકટી સાથે પણ સરખાવી છે.

દામોદરન લખે છે કે ૨૦૦૮ કરતા આ સ્થિતિ અલગ એટલા માટે હશે કારણ કે આ વખતે તમામ બેન્કો વચ્ચે સંપત્તિનું સરખા ભાગે વિભાજન થશે. અગાઉ દામોદરને અદાણી એન્ટરપ્રાઈઝિસનો શેર ઓવર વેલ્યૂડ ગણાવ્યો હતો અને શેરની વાસ્તવિક કિંમત ૯૫૦ રૂપિયાની આસપાસ હોવાનું જણાવ્યું હતું.

### વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટોસ જીત્યા બાદ ગુજરાત ટાઈટન્સે પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. ગુજરાતના ઓપનર શુભમન ગિલ અને રિદ્ધિમાન સાહાએ તોફાની બેટિંગ કરી હતી. બંનેએ પાર્ટનરશિપમાં ૧૨.૧ ઓવર સુધી ૧૪૨ રન ફટકાર્યા હતા. સાહાએ માત્ર ૨૦ બોલમાં ૫૦ રન પૂરા કર્યા હતા. આખી મેચ દરમિયાન સાહાએ ૪૩ બોલમાં ૮૧ રન ફટકાર્યા હતા. ૮૧ રન ફટકાર્યા બાદ સાહા આઉટ થયો હત. રિદ્ધિમાને પોતાની ઈનિંગમાં ૧૦ ફોર અને ૪ સિક્સર ફટકારી હતી. જ્યારે શુભમન ગીલે પોતાની તોફાની બેટિંગ ચાલુ રાખી હતી. શુભમન ગીલ માત્ર ૬ રનથી સદી ચૂક્યો હતો. ગિલે ૫૧ બોલમાં ૯૪ રનની ઈનિંગ રમી હતી. આ બંનેની બેટિંગને કારણે ગુજરાતે ૨૦ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૨૨૭ રન ફટકાર્યા હતા. આ સ્કોર IPL ૨૦૨૩માં ગુજરાતનો સૌથી મોટો સ્કોર છે. ૨૨૮ રનના લક્ષ્યાંકનો પીછો કરતા લખનઉ સુપર જાયન્ટ્સની શરૂઆત સારી રહી હતી. કેએલ રાહુલની ગેરહાજરીમાં ક્વિન્ટન ડિકોકે કાયલ માયર્સ સાથે ઈનિંગની શરૂઆત કરી હતી. IPL ૨૦૨૩ની આ ડિકોકની પ્રથમ મેચ હતી. તેને ૮ મેચ બાદ રમવાની તક મળી.